PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૦/કવા–૦૨/૧૭–૧૮/ ८८७८ તા. ११-१०-१७.

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દેવાયત ગોગન ચુચર,
ગ્રામ: મીયાત્રા,
તા. જી. જામનગર
મો: ૯૯૨૪૬ ૫૭૩૨૫

વિષય :–ભાવપત્રક ન મળવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૦/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૦/ક્વા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૯–૦૯–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: દેવાયત ગોગન ચુચર, ગામ: મીયાત્રા**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી દેવાયત ગોગન ચુચર હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)**

**રજુઆત કરનાર :એન.એફ.દોશી (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)**

## : હુકમ :

**ફરીયાદ : ભાવપત્રક ન મળવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના પિતાશ્રી ગાગન સામત ચુચર દ્વારા ખેતીવાડી વીજજોડાણ ની માંગણી તા.૨૩–૦૩–૨૦૧૩ ના રોજ કરેલ હતી, તેઓના પિતાશ્રી નુ અવસાન તા.૧૦–૦૩–૧૪ ના રોજ થતા, માંગણી મુજબ ની જગ્યા ના રેવન્યુ રેકર્ડ ની વારસાઈ નોધ નં. – ૧૫૨૯ થી થયેલ, ત્યારબાદ તેઓની કૌટુંબીક સમજુતી થી હકક કમી ની નોધ નં. – ૧૫૬૩ થી થયેલ, તા.૧૦–૦૯–૧૪ થી કરાયેલ. હાલ ના તબ્બકે, તેઓ ત્રણેય ભાઈઓ સંયુક્ત જમીન ના માલીક છીએ. અન્ય કોઈ નો હકક – તે જમીન પર નથી. તેઓના નવા ખેતીવાડી વીજજોડાણ નો અગ્રતાક્રમ મા વારો આવતા – જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ હાપા – પેટા વિભાગીય કચેરી ને પુરા પાડેલ, તેમ છતા ખેતીવાડી ની જમીન મા હકક કમી કરેલ સભ્યો ની સંમતી નો દુરાગ્રહ રાખી, તેઓને વીજજોડાણ થી વંચીત રાખવામા આવેલ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવેલ કે, ગોગન સામત ચુચર નવા ખેતીવાડી વીજજોડાણ માટે તા.૨૩–૦૩–૧૩ થી રસીદ નં. ૬૭૯૧૩૯ થી રૂ.૨૦૦/– ભરપાઈ કરેલ – સદર અરજી ના અનુસંધાને – અગ્રતાક્રમ મુજબ વારો આવતા – જરૂરી ૭–૧૨,૮–અ,હકક પત્રક નં–૬ તેમજ તેમના પિતાશ્રી નુ અવસાન નો દાખલો રજુ કરી અને અરજી કરેલ હતી. આ અંગે ની દરખાસ્ત મંજુરીની પ્રક્રીયા માટે વિભાગીય કચેરી ને તા.૨૪–૦૭–૧૭ ના રોજ મોકલવામા આવેલ – જેમા ગોગન સામત ચુચર નુ અવસાન તા.૧૦–૦૩–૧૪ ના રોજ થયેલ હોય, હકક પત્રક નં–૬ મા તેઓના વારસદારો નાવાંધા જનક પ્રમાણપત્રો અરજી સાથે સામેલ ન હોય, સદર નોધ સાથે તા.૨૭,–૦૭–૧૭ ના રોજ ફાઈલ ને પેટા વિભાગીય કચેરી મા મોકલવામા આવેલ છે. સદર કેઈસ મા, જીયુવીએનએલ ના પરીપત્ર નંબર – જીયુવીએનએલ / ટેક / એજી કને./૨૧૮૯ તા.૨૪–૧૦–૧૩ મુજબ, નામ બદલી અંગે ની શરતો મુજબ આધાર–પુરાવા રજુ કરેલ ન હોય – આગળ ની કાર્યવાહી કરાયેલ નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવેલ કે, ગોગન સામત ચુચર નવા ખેતીવાડી વીજજોડાણ માટે તા.૨૩–૦૩–૧૩ થી રસીદ નં. ૬૭૯૧૩૯ થી રૂ.૨૦૦/– ભરપાઈ કરેલ – સદર અરજી ના અનુસંધાને – અગ્રતાક્રમ મુજબ વારો આવતા – જરૂરી ૭–૧૨,૮–અ, હકક પત્રક નં–૬ તેમજ તેમના પિતાશ્રી નુ અવસાન નો દાખલો રજુ કરી અને અરજી કરેલ હતી. તેઓએ રજુ કરેલ હકક પત્રક નં–૬ મા – તેમના ત્રણ પુત્રો તેમજ ૦૫ પુત્રીઓ નામ દર્શાવાયેલ છે. જેથી પીજીવીસીએલ પક્ષકાર તરફથી જરૂરી ઘટતા દસ્તાવેજીક પેપર્સ માટે ની માંગણી કરાયેલ હતી. |
| ૩.૨ | ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગત – હોવા છતા, અરજદાર શ્રી ને – તે જમીન ના દસ્તાવેજીક પેપર્સ બાબતે – તેઓની જે મૌખીક રજુઆત હોય – તે મુજબ ના દસ્તાવેજીક પેપર્સ – અરજદાર શ્રી એટલેકે દેવાયત ગોગન ચુચર દ્વારા અરજદાર શ્રી ના બહેનો દ્વારા સવાલવાળી જમીન પર હકક જતો કરેલ હોય – તે મુજબ નો દસ્તાવેજીક પેપર્સ તેઓની સદર અરજી ની સાથો સાથ રજુ કરેલ હોય, જેથી પીજીવીસીએલ દ્વારા અરજદાર શ્રી પાસેથી – જે બહેનો ની નોટરાઇઝ સહી માંગવા બાબતે નો આગ્રહ રખાયેલ હોય – તે ફોરમ કમિટી ને યોગ્ય જણાયેલ ન હોય, આમ, અરજદાર શ્રી એ રજુ કરેલા દસ્તાવેજીક પેપર્સ પરથી – અરજદાર શ્રી ને અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૨૦ મા ભાવપત્રક પાઠવવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને – ફોરમ કમિટી તરફથી મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે ની કાર્યવાહી કરવા સબબ નો આદેશ આપવામાં આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.